શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૨
અંક : ૭

## ધ્યેયો માટે ભાગીદારી

૧૭. સાતત્યપૂર્ણ વિકાસ માટે અમલીકરણના માધ્યમોને સુદ્દઢ બનાવવા અને વૈશ્વિક ભાગીદારીને નવસર્જિત કરવી.

### નાણા

૧૭.૧ વિકાસશીલ દેશોને આંતરરાષ્ટ્રીય સહાય દ્વારાસહિત ઘરેલુ સંસાધન એકત્રીકરણને સુદ્દઢ બનાવવું જેથી કરવેરા તથા અન્ય મહેસૂલ એકત્રિકરણ માટે ઘરેલુ ક્ષમતાને સુધારી શકાય.

૧૭.૨ વિકસિત રાષ્ટ્રોએ તેમના સત્તાવાર વિકાસ સહાય વચનોનું સંપૂર્ણ પાલન કરવું કે જે ઘણા વિકસિત રાષ્ટ્રો દ્વારા દાખવાયેલી વચનબદ્ધતા કે જેના થકી વિકાસશીલ રાષ્ટ્રોને સત્તાવાર વિકાસ સહાય (ODA/GNI) માટે ૦.૭ ટકા અને અલ્પવિકસિત રાષ્ટ્રો માટે ODA/GNI ના ૦.૧૫થી ૦.૨૦ ટકા કુલ રાષ્ટ્રીય આવકના લક્ષ્યાંકને હાંસલ કરી શકાય, આમ ODA પૂરા પાડનાર અલ્પવિકસિત રાષ્ટ્રોને ODA/GNI ના ૦.૨૦ ટકા ઓછામાં ઓછા પૂરા પાડવાના લક્ષ્યને નિર્ધારિત કરવા માટે પ્રેરિત કરવું.

૧૭.૩ બહુધા સ્ત્રોતો પાસેથી વિકાસશીલ રાષ્ટ્રો માટે વધારાના નાણાકીય સંસાધનો એકત્રિત કરવા.

૧૭.૪ દેવા ધિરાણ, દેવા રાહત અને દેવાના પુનર્ગઠનને આકાર આપવાનો ઉદ્દેશ ધરાવતી સંકલિત નીતિઓ દ્વારા લાંબા–ગાળાના દેવાના સાતત્યપણું હાંસલ કરવામાં વિકાસશીલ રાષ્ટ્રોને સહાય કરાવી, અને દેવા તણાવને ઘટાડવા માટે દેવામાં ડૂબેલા ગરીબ રાષ્ટ્રોના અતિશય દેવાની સમસ્યાને સંબોધિત કરવી.

૧૭.૫ અલ્પવિકસિત રાષ્ટ્રો માટે મૂડી રોકાણની પ્રોત્સાહન પ્રક્રિયાને સ્વીકારવી અને અમલ કરવો

### ટેકનોલોજી

૧૭.૬ વિજ્ઞાન, ટેકનોલોજી અને નવતર પ્રયોગો સુધીની પહોંચ માટે ઉત્તર–દક્ષિણ, દક્ષિણ–દક્ષિણ અને ત્રિકોણ પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય સહકારને વિસ્તારવો અને પ્રવર્તમાન પ્રક્રિયા અંતર્ગત, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સ્તરે પારસ્પરિક સંમત થયેલી શરતો અંગે અને વૈશ્વિક ટેકનોલોજી ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા દ્વારા જ્ઞાનની વહેંચણીને વિસ્તારવી.

૧૭.૭ વિકાસશીલ રાષ્ટ્રોને પર્યાવરણની દ્રષ્ટિએ સ્થિર ટેકનોલોજીના વિકાસ, તબદિલી, પ્રાપ્તિકરણને તરફેણ કરનારી શરતોએ પ્રોત્સાહિત કરવી, જે માટે રાહત તેમજ પસંદગી ધરાવતી શરતો જે પારસ્પરિક સંમતિને આધિન હોય.

૧૭.૮ અલ્પવિકસિત રાષ્ટ્રો માટે ૨૦૧૭ સુધીમાં ટેકનોલોજી બેંક અને વિજ્ઞાન, ટેકનોલોજી અને નવતર સંશોધન ક્ષમતા–નિર્માણ પ્રક્રિયાને ખાસ કરીને માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી ક્ષમતા– નિર્માણમાં સંપૂર્ણપણે કાર્યાન્વિત કરવા અને ટેકનોલોજીને લાગુ કરવાના.

### ઉપયોગને વિસ્તારવા

૧૭.૯ ઉત્તર–દક્ષિણ, દક્ષિણ–દક્ષિણ અને ત્રિકોણ સહકાર સહિત તમામ સાતત્યપૂર્ણ વિકાસ

ધ્યેયોના અમલ માટેની રાષ્ટ્રીય યોજનાઓને સહાયભૂત થવા વિકાસશીલ રાષ્ટ્રોમાં અસરકારક અને લક્ષ્યાંકિત ક્ષમતા–નિર્માણના અમલીકરણ માટે આંતરરાષ્ટ્રીય સહાયને વિસ્તારવી ઉત્તર–દક્ષિણ, દક્ષિણ–દક્ષિણ અને ત્રિકોણ સહકાર સહિત તમામ સાતત્યપૂર્ણ વિકાસ ધ્યેયોના અમલ માટેની રાષ્ટ્રીય યોજનાઓને સહાયભૂત થવા વિકાસશીલ રાષ્ટ્રોમાં અસરકારક અને લક્ષ્યાંકિત ક્ષમતા–નિર્માણના અમલીકરણ માટે આંતરરાષ્ટ્રીય સહાયને વિસ્તારવી.

**વ્યાપાર**

૧૭.૧૦ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન હેઠળ તેના દોહા વિકાસ એજન્ડાને આધિન વાટાઘાટોના સમાપન દ્વારા એક વૈશ્વિક, નિયમને આધિન, બિન–ભેદભાવયુકત અને સમાન હિતકારક બહુરાષ્ટ્રીય વ્યાપાર પ્રક્રિયાને પ્રોત્સાહિત કરવી.

૧૭.૧૧ વર્ષ ૨૦૨૦ સુધીમાં વૈશ્વિક નિકાસમાં અલ્પવિકસિત રાષ્ટ્રોના હિસ્સાને બમણો કરવાના હેતુ સાથે વિકાસશીલ દેશોની નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ કરવી.

૧૭.૧૨ અલ્પવિકસિત રાષ્ટ્રો માટે લાંબો સમય ટકી શકે તેવા આધારે જકાત–મુકત અને ક્વોટા–મુકત બજાર પહોંચના સમયસર અમલીકરણને વાસ્તવિક કરવો, જે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના નિર્ણયોને અનુરૂપ હોય અને જેમાં અલ્પવિકસિત રાષ્ટ્રો તરફથી આયાતને લાગુ પડતા પસંદગીના નિયમોને સુનિશ્ચિત કરાયા હોય અને જે પારદર્શી તેમજ સરળ હોય અને બજાર પહોંચને સરળ બનાવવામાં યોગદાનકર્તા હોય.

**પદ્ધતિસરના મુદ્દા** : નીતિ અને સંસ્થાગત અનુસરણ

૧૭.૧૩ નીતિ સંકલન અને નીતિ અનુસરણ સહિત વૈશ્વિક સમગ્રલક્ષી આર્થિક સ્થિરતા વિસ્તારવી.

૧૭.૧૪ સાતત્યપૂર્ણ વિકાસ માટે નીતિનું અનુસરણ વિસ્તારવું.

૧૭.૧૫ દરેક રાષ્ટ્રના નીતિ અવકાશ અને નેતૃત્વનો આદર કરવો જેથી ગરીબી નાબૂદી અને સાતત્યપૂર્ણ વિકાસ માટેની નીતિઓનો અમલ કરી શકાય.

બહુધા–હિતધારક ભાગીદારીઓ

૧૭.૧૬ સાતત્યપૂર્ણ વિકાસ માટે વૈશ્વિક ભાગીદારીને વિસ્તારવી, જેની મદદરૂપે બહુધા–હિતધારક ભાગીદારી સધાય જેથી જ્ઞાન, નિપૂણતા, ટેકનોલોજી અને નાણાકીય સંસાધનોનું એકત્રીકરણ કરી શકાય, જેના થકી તમામ રાષ્ટ્રો, ખાસ કરીને વિકાસશીલ રાષ્ટ્રોમાં સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયોને હાંસલ કરવાને ટેકો પૂરો પાડી શકાય.

૧૭.૧૭ જાહેર, જાહેર–ખાનગી અને જાહેર સમુદાયની ભાગીદારીઓને પ્રોત્સાહિત અને પ્રયોજિત કરવી, અનુભવ પર નિર્માણ કરવું અને ભાગીદારી માટેના વ્યૂહોને સંસાધનો પૂરા પાડવા.

**ડેટા, નિરીક્ષણ અને જવાબદેહિતા**

૧૭.૧૮ વર્ષ ૨૦૨૦ સુધીમાં અલ્પવિકસિત રાષ્ટ્રો અને નાના ટાપુના વિકાસશીલ રાજયો સહિતના વિકાસશીલ રાષ્ટ્રોને ક્ષમતા–નિર્માણની સહાય વિસ્તારવી, આવક, જાતિ, ઉંમર, વંશ, મૂળ, હિજરતી દરજ્જા, વિકલાંગતા, ભૌગોલિક સ્થળ તથા રાષ્ટ્રીય સંદર્ભમાં સંલગ્ન અન્ય લાક્ષણિકતાઓ દ્વારા એકત્રિત કરાયેલા આધારભૂત અને ઉચ્ચ ગુણવત્તાશીલ માહિતીની ઉપલબ્ધતા નોંધપાત્ર સ્તરે વધારવી.

૧૭.૧૯ વર્ષ ૨૦૩૦ સુધીમાં સાતત્યપૂર્ણ વિકાસ અંગેની પ્રગતિના માપદંડોને વિકસાવવા પ્રવર્તમાન પહેલો પર નિર્માણ કરવું જેના થકી કુલ ઘરેલુ ઉત્પાદનને બળ મળે અને વિકાસશીલ દેશોમાં આંકડાકીય ક્ષમતા–સર્જનને સહાય પ્રાપ્ત થાય.

**સંકલન : હિરલ ડોડીયા (સાતત્યપુર્ણ લક્ષ્યો)**

**સામનો કરીને યુદ્ધ જીતાય પ્રેમ નહિ.**

## નીમેટોડ

નીમેટોડ એ કૃમિથી થતો રોગ છે. આ રોગમાં છોડ આખો સુકાઈ જાય છે અને ઉપાડતા મૂળમાં ગાંઠો થઈ જાય છે અને મૂળનો વિકાસ રૂંધે છે. આ કૃમિને નરી આંખે જોઈ શકાતા નથી, માઈક્રોસ્કોપથી જોઈ શકાય છે. કૃમિઓ મૂળમાં દાખલ થાય છે અને ત્યાં પોતાની સંખ્યા વધારે છે અને મૂળમાં ગાંઠો કરે છે અથવા વિકૃત કરે છે.

### કૃમિના પ્રકારો

૧. મૂળના ગંઠવા પ્રકારના કૃમિ, ૨. મૂળ અને કંદનો સડો કરનાર કૃમિ, ૩. કવચ પ્રકારના કૃમિ, ૪. કીડની આકારના કૃમિ અને ૫. સ્પાયરલ પ્રકારના કૃમિ.

### કયાં કયાં પાકોમાં આવે છે ?

આ કૃમિઓ લગભગ ધાન્ય વર્ગના પાકો સિવાય બીજા બધા પાકોમાં આવે છે. તે પૈકી ફળ પાકોમાં જમરૂખ, સીતાફળી, દાડમ વગેરેમાં જોવા મળે છે આ ઉપરાંત મરચી, રીંગણ, ટમેટી, ડુંગળી, લસણ જેવા પાકોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે.

સૌથી વધારે આ રોગ દાડમ, જામફળ, ડુંગળી અને લસણમાં જોવા મળે છે. ડુંગળીના અને લસણમાં તેના ગાઠીયાને સેડવી નાખે છે.

### નિયંત્રણ

મોટા ભાગના ખેડૂતોને નિમેટોડ શું છે તેની જાણ નથી હોતી જેથી જયારે છોડ પીળો પડે અથવા સુકાય જાય ત્યારે ફુગનાશક કે કીટનાશક દવાનો ઉપયોગ કરે છે, અને ખોટો ખર્ચ કરે છે. આ રોગને સમજવો જરૂરી છે અને તેના નિયંત્રણને પણ સમજવો જરૂરી છે.

### નીમેટોડનાં ઉપાયો માટે સંકલિત ઉપાયો હાથ ધરવા જરૂરી છે.

૧. આ રોગ સંક્રમિત જમીન કે પાકમાંથી ચાલીને આવક જાવક દ્વારા ફેલાય છે માટે ખુબ સાવચેતી પૂર્વક આ રોગનુ નિરીક્ષણ કરવું.

૨. કોઈ પણ પાકો કે જેમાં નીમેટોડ આવતો હોઈ તેવા પાકો સાથે ધાન્ય પાકની ફેરબદલી કરવી.

૩. ધોરીયા પર અથવા મિશ્ર પાક તરીકે દેશી ગલગોટાનું વાવેતર કરવું.

૪. યુરીયા ખાતર આપવાનું ટાળવું.

૫. બજારમાં મળતી સારી કંપનીની ફૂગ પેસીલોમાઈસીસ લીલાસીનસ અથવા પોચોનીયા કલેમાઈડોસ્પોરીયા બે માંથી એક પ્રતિ એકરે એક કિલોગ્રામ પ્રમાણે જમીનમાં ભેજ હોઈ ત્યારે એરંડી અથવા લંબોળીના ખોળ સાથે મિક્ષ કરી આપવુ. જેમ ટ્રાઈકો આપીએ છીએ તેમ

૬. રાસાયણિક ઉપાયમા બાયર કંપનીનુ વેલમ પ્રાઈમ કે જેને પિયત, ડ્રીન્ચિંગડ્રી અથવા પિયત દ્વારા આપવુ જરૂરી છે. જેનુ પ્રમાણ પ્રતિ એકર ૫૦૦ મિલી આપવુ. આ ઉપયોગ કરતા પહેલા જમીનમાં થોડો ભેજ રાખવો જરૂરી છે.

— ભરતભાઈ શીંગડ, પ્રોડયુસર યુનિટ મેનેજર, ધોકડવા કલસ્ટર

**નિષ્ફળતા મળે તો હિંમત રાખવી ને સફળતા મળે તો વિનમ્રતા રાખવી.**

## વર્ષ ૧૬–૧૭ થી વર્ષ ૨૦–૨૧ માં કરવામાં આવેલ ડબલ્યુઆરએમનાં કામો.

જળ એ ઈશ્વરે આપેલી અનમોલ ભેટ છે. જો જળનો યોગ્ય ઉપયોગ અને યોગ્ય વ્યવસ્થાપન કરવામાં નહી આવે તો આવતા દિવસોમાં માનવ માટે વિકટ પરિસ્થિતિ ઉભી થનાર છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યક્ષેત્રનાં ૧૦૦ જેટલા ગામોમાં જયાં બીસીઆઈ કપાસના પાકની સાથે–સાથે અન્ય પાકો અને વોટર રિસોર્સ મેનેજમેન્ટનાં કામોમાં સીએસપીસી આર્થિક સહયોગ કરી રહેલ છે. જે મુજબ વર્ષ ૨૦૧૬–૧૭માં ૪ ગામોમાં વ્યકિતગત જમીનમાં ૭ ખેત તલાવડી માટે કુલ ખર્ચ રૂ. ૩.૩૧ લાખ કરેલ છે વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૨ ગામોમાં વ્યકિતગત જમીનમાં ૩૮ ખેતતલાવડી માટે કુલખર્ચ રૂ. ૧૬.૨૧ લાખ થયેલ છે અને ખેડુતોના ખેતરનાં રક્ષણ માટે બંધપાળાની કામગીરીના ૧૭ કામો માટે કુલ રૂ. ૨.૪૯ લાખ નાં ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૧૮–૧૯માં ૭ ગામોમાં વ્યકિતગત જમીનમાં ૧૪ ખેતતલાવડી માટે કુલખર્ચ રૂ. ૯.૦૦ લાખ થયેલ છે. ખેડુતોના ખેતરનાં રક્ષણ માટે ૬૭ લાભાર્થીઓ માટે ખેત બંધપાળાની કામગીરી કુલ રૂ. ૯.૪૧ લાખ થયેલ છે. અને ૨ ગામોમાં હૈયાત ચેકડેમમાં પાણીની સંગ્રહ શકિતના વધારા માટે ડીપનીંગનું કામ કરેલ છે. જેનાથી આ બન્ને ચેકડેમમાં ૦.૯૨ ો')ત જેટલું વધારાનું પાણી સ્ટોર થયેલ છે. જેનાથી ૭૮ જેટલા ખેડુતોનાં બોર/કુવાના પાણીનાં તળમાં વધારો થયો જેનો લાભ પુરક પિયત વ્યવસ્થા અંતર્ગત કરી શકાશે. આ બંને ચેકડેમ ડીપનીંગનો કુલ ખર્ચ રૂ. ૧૫.૭૪ લાખ સામે સીએસપીસી દ્વારા રૂ. ૧૦.૮૪ લાખનો સહયોગ કરેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦–૨૧ માં જળ વ્યવસ્થાપન અંતર્ગત કુલ ૩૫ વ્યકિતગત ખેત તલાવડી અને ૩




**જીભ સુધરી જાય તો જીવન સુધરતા વાર નથી લાગતી.**

હૈયાત ચેકડેમ નાં કામો માટે સીએસપીસી દ્વારા આ સંસ્થાને મંજુરી આપવામાં આવેલ જે મુજબ ૩૫ ખેત તલાવડી માટે કુલ ખર્ચ રૂ. ૧૪.૬૮ લાખનાં ખર્ચ સામે સીએસપીસી દ્વારા ૭.૧૬ લાખનો આર્થિક સહયોગ કરેલ છે. જયારે હૈયાત ૩ ચેક ડેમનાં ડીપનીંગ માટે કુલ ખર્ચ રૂ. ૪.૮૫ લાખ સાથે સીએસપીસી દ્વારા ૨.૮૮ લાખનો આર્થિક સહયોગ કરેલ છે. ચાલુ વર્ષમાં સારો વરસાદ થવાને કારણે કરેલ જળ સંગ્રહનાં તમામ કામોમાં બે વખત પાણી ભરાણા છેં અને એક તાંત્રિક ગણતરી મુજબ૩૫ ખેતતલાવડીમાં લગભગ ૧.૦૦ મીલીયન કયુબીક ફીટ પાણી સંગ્રહને કારણે આસપાસમાં આવેલ ૩૫ જેટલા કુવા / બોરનાં પાણીનાં તળમાં વધારો થશે અને ૯૯ એકર જમીનને પુરક પિયત આપી શકાશે. જયારે, ચેકડેમ ડીપનીંગને કારણે ૦.૨૯ મીલીયન કયુબીક ફીટ પાણીનાં સંગ્રહ શકિતમાં વધારો થશે જેનાં કારણે ચેકડેમની આસપાસમાં આવેલ ૯૨ કુવા/બોરનાં પાણીનાં સ્તરમાં પણ વધારો થશે અને ૪૧.૭૫ એકર જમીનમા પુરક પિયત સુવિધા ઉભી કરી શકાશે.આ એસેટસને કારણે ભવિષ્યમાં ખેતીની આવકમાં વધારો, પાણીની ગુણવતામાં સુધારો થવાની શકયતા નકારી શકાય નહીં. વધુમાં સંસ્થાની ટીમ દ્વારા લાભાર્થી ખેડુતોને આ સ્ટ્રકચરની ભવિષ્યમાં જાળવણી / નિભાવણી અંગે માર્ગદર્શન તેમજ આગામી સમયમાં પાણીની ગુણવતામાં થયેલ સુધારો, પાણીનાં તળમાં અને પિયત વ્યવસ્થામાં થયેલ વધારો અને તેની સાથે આવકમાં થયેલ વધારાની વિગતોની નોંધ રાખવા સમજણ આપવામાં આવી છે.

– રમેશભાઈ સોલંકી



**ગીતાનો સાર અને કુદરતો માર દરેકના જીવનમાં અસર કરે છે.**

## કપાસના પાકમાં સંકલિત જીવાત નિયંત્રણ

(૧) ભારત સરકાર દ્વારા માન્ય કરેલ જીવાત પ્રતિકારક કપાસની જાતોનું વાવેતર કરવું. (૨) કપાસ માટે ફળદ્રુપ સારા નિતારવાળી જમીન પસંદ કરવી. (૩) ઉનાળામાં ઉંડી ખેડ કરવી. (૪) કપાસના બીજને વાવતા પહેલાં ઈમીડાકલોપ્રીડ ૭૦ ડબલ્યુ એસ ૭.૫ ગ્રામ દવા અથવા થાયોમીથોકઝામ ૭૦ ડબલ્યુ એસ ૨.૮ ગ્રામ દવા પ્રતિ કિલો બીજ મુજબ માવજત આપી વાવવાથી ૩૦ થી ૫૦ દિવસ સુધી કપાસમાં ચુસીયા જીવાત આવતી નથી. (૫) જીંડવાની ઈયળોના ફેરોમેન ટ્રેપની ગોઠવણી કરવી. (૬) બે વખત ક્રાયસોપા પરભક્ષી કીટકનાં ઈંડા અથવા ઈયળો હે.દીઠ ૧૦૦૦૦ પ્રમાણે છોડવા.(૭) પિંજર પાક તરીકે દિવેલા તથા ગલગોટાનું વાવેતર કરવું.(૮) ખેતરમાં પરભક્ષી કીટકોની જાળવણી કરવા મકાઈ અથવા જુવારનું વાવેતર કરવું. (૯) ખેતરમાં પરભક્ષી પક્ષીઓને બેસવા માટેની વ્યવસ્થા કરવી. (૧૦) જીંડવાની વિકાસની અવસ્તાએ સતત ભેજ મળી રહે તે પ્રમાણે પિયત આપવું. શકય હોય તો ટપક સિંચાઈ પધ્ધતિથી પિયત આપવું. (૧૧) ઈયળોનું યાંત્રિક નિયંત્રણ કરવું. (૧૨) પાંચ વખત પરજીવી ટ્રાયકોગામા ભમરીના ઈંડા ૧.૫ લાખની સંખ્યામાં હે. પ્રમાણે છોડવા. (૧૩) લીલી ઈયળ અને લશ્કરી ઈયળ માટે એન.પી.વી. કલ્ચરનું અનુક્રમે ૪૫૦ અને ૨૫૦ ઈયળ યુનિટ/હે. દ્રાવણ છાંટવું. (૧૪) ઈયળોના નિયંત્રણ માટે લીંમડાયુકત જંતુનાશક દવાનો ઉપયોગ કરવો. (૧૫) ઈયળ/ચુસીયા જીવાતો ક્ષમ્યમાત્રા વટાવે ત્યારે સલામત જંતુનાશક દવાઓનો છંટકાવ. (૧૬) ઉપરોકત પગલા ભરવા છતાં પણ ઈયળોનું નિયંત્રણ ન થતુ હોય તો સાયપરમેથ્રીન ૦.૫ મીલી/ પોલીટ્રીન સી.૧.૦ લી/ ફેનવલરેટ ૦.૫ લીટર સક્રિય તત્વ પ્રતિ હેકટરે છંટકાવ કરવો. (૧૭) ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે બ્રવેરીયા બાસીઓના અને વર્ટીસિલાઈન લેકેસાઈનો હેકટરે ૫ કીલો પ્રમાણે છંટકાવ કરવો.

### કપાસમાં જીવાતની આર્થિક ક્ષમ્યમાત્રા

૧૦ મોલો પ્રતિ પાન, ૨ તડતડીયા પ્રતિ પાન, ૧૦ થ્રીપ્સ પ્રતિ પાન અથવા ૧૦% નુકસાન, ૮થી ૧૦ પુખ્ત સફેદ માખી પ્રતિ પાન, ૧૫ લીલી ઈયળ પ્રતિ ૨૦ છોડ અથવા ૧૦% નુકશાન, ૨૦ કાબરી ઈયળ પ્રતિ ૨૦ છોડ ૧૦% નુકશાન, લશ્કરી ઈયળના ઈંડા અથવા ઈયળનો સમૂહ પ્રતિ ૨૦ છોડ

### કપાસના રોગો વિશે માહીતી

ખુણીયા ટપકાં : આ રોગનું પ્રથમ લક્ષણ બીજપત્ર ઉપર વર્તુળ આકારના ગાઢા લીલા રંગના પાણી પોચા ટપકાં દેખાય છે, જે પાછળથી કથ્થાઈ અથવા કાળા રંગના થાય છે. ટપકાં ભેગા થતાં પાનનો વિસ્તાર કથ્થાઈ કે કાળો પડી જાય છે.

**ઉપાય :** સ્ટ્રેપ્ટોસાઈકલીન ૦.૦૦૫% અને કોપર ઓકિસકલોરાઈડ ૦.૨૫% દવાના મિશ્રણનો ૧૫ દિવસના આંતરે ૨–૩ વખત છંટકાવ કરવો.

**મૂળખાઈ :** છોડ એકાએક પૂરેપૂરો ચીમળાઈ જય છે. તે ગોળાકાર વિસ્તારમાં વધે છે. રોગિષ્ટ મૂળ સડવાથી છોડ સહેલાઈથી ખેંચી કાઢી શકાય છે.

**જીંદગીમાં જતું કરનારા જીતી જાય છે.**

**ઉપાય :** પાકની લાંબાગાળાની ફેરબદલી, લીલો પડવાશ, ટુંકા ગાળે પિયત, સેન્દ્રિય ખાતરનો વપરાશ, મિશ્ર પાક તરીકે મઠનું વાવેતર કરવાથી રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે. કોપર ઓકસીકલોરાઈડ દવાનું ૦.૨ ટકાનું દ્રાવણ સુકાતા છોડ ફરતે રેડવું અને યુરીયા ખાતર આપવું.

**સુકારો :** શરૂઆતમાં થોડી ડાળીના પાન ચીમળા ઈ જાય રોગ ધીમે ધીમે ટોચ તરફના પાન ખરી જાય થડના અંદરના ભાગમાં કથ્થાઈ રંગ જોવા મળે છે.

**ઉપાયો :** બીજની માવજત, પાકની લાંબાગાળાની ફેરબદલી, સારૂ કહોવાયેલુ છાણીયુ ખાતર જરૂરી પોટાશ સાથે આપવાથી રોગનું પ્રમાણ ઘટે છે.

**બળીયા ટપકાંનો રોગ :** રોગ પાછલી અવસ્થાએ પાકટ અને નીચેના પાન ઉપર આક્રમણ કરે છે. પાન ઉપર નાનાં બદામી, અનિયમિત આકારના ટપકાં દેખાય છે. પાનની ધાર ઉપર ઝાળ લાગે છે.

**ઉપાયો :** બીજને માવજત તેમજ રોગની શરૂઆતમાં મેન્કોઝેબ ૧૫ દિવસે ૨–૩ વખત છાંટવી.

**દહિયો :** પાકા પાન ઉપર શરૂઆતમાં ઉપલી સપાટીએ પીળાશ પડતાં ધાબા દેખાય છે. પાછળથી નીચેની સપાટી ઉપર બદામી, રાખોડી રંગના ખુણીયા આકારના ટપકા દેખાય છે.

**ઉપાયો :** રોગની શરૂઆત થતાં કાર્બેન્ડીઝમ અથવા વેટેબલ સલ્ફર ૦.૨૫ ટકા દવાનો છંટકાવ ૧૫ દિવસના અંતરે બે વખત કરવો.

– તુષાર વાઘેલા

## વિસરાયેલી રમતો – આંબલીપીપળી

આ રમત પણ ખૂબ જ પ્રસિધ્ધ છે. નાનપણમાં ખૂબ જ રમેલ છે. આ રમત ઝાડ પર ચડવાનું કૌશલ્ય વિકસાવે છે. આ રમતમાં પણ દાવદેનાર અને લેનાર હોય છે. દાવલેનાર તમામ બાળકો કોઈ નકકી કરેલ ઝાડ નીચે માટીમાં ગોળાકાર બનાવી તેમાં એક લાકડાનો કટકો રાખે છે. દાવદેનાર ત્યાંથી ચોક્કસ અંતરે ઉભો રહે છે. અને દાવલેનાર માટીના કુંડાળામાં ઉભો રહી પોતાની પુરતી શકિતથી લાકડાના ટુકડાને દુર ફેંકે છે. આ દરમિયાન દાવલેનાર તમામ ઝાડ પર ચઢી જાય છે. દાવદેનાર વ્યકિત દુરથી લાકડાના કટકાને લાવી અને ગોળાકારમાં રાખી ઝાડપર ચઢે છે. તે ઝાડ પર ચઢી દાવલેનાર કોઈપણ વ્યકિતને અડવા પ્રયત્ન કરે છે. જો તે કોઈપણ વ્યકિતને અડી જાય તો ઝડપથી નીચે ઉતરી કુંડાળામાં પડેલ લાકડાના ટુકડાને અડે છે. જેથી જેને અડયા હોય તેને દાવ આપવો પડે છે. પરંતુ જો આ દરમિયાન દાવલેનાર અન્ય કોઈ દાવદેનાર પહેલા ઉતરી લાકડાના ટુકડાને દુર ફેંકી આવે તો દાવદેનારે નીચે ઉતરી ફરી પેલું લાકડું લઈ તેને ગોળાકારમાં મુકી ફરી ઝાડ પર ચઢી અને દાવલેનારને પકડવા પ્રયત્ન કરવા પડે છે.

**રમતના ફાયદા :**

૧. ઝાડ પર ચઢવાનું કૌશલ્ય વિકસે
૨. ત્વરિતતાના ગુણોનો વિકાસ
૩. નિર્ણય શકિત ખીલે
૪. બંધુત્વની ભાવના વિકસે

– ભરતભાઈ વાળા

**બીજાની ખામીમાં રસ લેવો એજ આપણી ખામી છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Nazma Tank | 01-08-1993 |
| Tajgi Sagarka | 08.08.1999 |
| Vikram Chauhan | 09-08-1996 |
| Rekhaben Vagh | 11.08.1983 |
| Kirti Zapadiya | 13.08.1996 |
| Shilpa Tank | 15.08.1993 |
| Dilipbhai Sanghar | 18.08.1977 |
| Sanjay Bambhaniya | 20-08-1997 |
| Lalubhai Ramu | 22.08.1994 |
| Kishan solanki | 25.08.1997 |

## In this month

2. BCI Webinar
6. 12A 80G renew guidance webinar
7. PUM induction training
11. FCRA webinar NCD
17. Open house conducted by Child line team
23. Preventing child marriage webinar.
25. Annual meet by Google meet.

Core team, weekly, monthly and quarterly review meeting held all project team in this month.

**પ્રિય વાચક મિત્રો,**
આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**વ્યકિતની વસંત મનથી છે, ને પાનખર એના મગજથી.**